# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૦ No = 86 તારીખ: 27 AUG 2020

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,

કેશારા ગોપાલભાઈ દબાસીયા,

C/o, કેશારભાઈ અર્થ મુવર્સ એન્ડ હાઇડ્રોલિક વર્કસ,

કન્સ્ટ્રકશન મશીનરી ડીવીઝન, માનકુવા હાઇડ્રોલિક નગર,

મુ-માનકુવા, તા-જી- ભુજ- કચ્છ,

મોબાઇલ નંબર:- ૯૪૨૭૨ ૫૦૨૮૦

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૧/૨૦૨૦-૨૧

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૧/૨૦૨૦-૨૧

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, દેશલપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-001-2020-21.

અરજદાર: શ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા
ગામ-માનકુવા , તા.-ભુજ , જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદારશ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

રજૂઆત કરનાર: ૧). શ્રી બી.ડી.પરમાર,કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

3) શ્રી કે.વી. ભટ્ટ, મેમ્બર ટેક

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારશ્રીને તા. ૧૬/૦૭/૨૦૨૦ના રોજ ઉપસ્થિત રહેવાની લેખિત જાણ કરવામાં આવેલ. પરંતુ આથી પહેલા અરજદારશ્રી અને પીજીવીસીએલના અધિકારીઓ વચ્ચે ફરિયાદનું નિરાકરણ થયેલ અને અરજદારશ્રીએ તા-૧૩/૦૭/૨૦૨૦ ના રોજ ફરિયાદ પરત લીધેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા – ગામ, માનકુવા – દેશલપર પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ વિજજોડાણ ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારનશ્રી જણાવે છે કે તેઓશ્રી કેશર અર્થ મુવર્સ એન્ડ હાઇડ્રોલીક વર્કસ ના નામે મશીનરી બનાવવાનું તેમજ રીપેરીંગ કરવાનું કામકાજ કરે છે.

૧.૩ અરજદારશ્રીની રજુઆત મુજબ તેઓનું વર્કશોપ જ્યાં આવેલ છે તેની બાજુમાં જ પીજીવીસીએલ દ્વારા વીજપોલ લગાડવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

૧.૪ અરજદારશ્રીની રજુઆત મુજબ તેઓશ્રી ના વર્કશોપ પાસે જો પીજીવીસીએલ દ્વારા વીજપોલ લગાડવમાં આવે તો વર્કશોપમાં રીપેરીંગ માટે આવતા હીટાચી, ગ્રેડર, ટ્રેલર, ક્રેન જેવા મોટા મોટા મશીનો લાવવા-લઇ જવા માટે અડચણરૂપ થઈ શકે છે.

૧.૫ અરજદારશ્રીની રજુઆત મુજબ વીજલાઇનના વીજતારની ઉચાઇ ન હોવા ને કારણે તે નડતરરૂપ છે. તેમજ વીજલાઇન વર્કશોપ પાસેથી પસાર થાય છે ત્યાં બાઉન્ડ્રી પર આવેલ વૃક્ષો પણ કાપવા પડે તેમ છે.

૧.૬ અરજદારશ્રીની રજુઆત મુજબ સુખપર વીજલાઈનમાંથી વીજજોડાણ આપવામાં આવે તો ફક્ત બે વીજ પોલથી કામ પૂરું થઇ શકે તેમ છે તેમજ વૃક્ષો ને પણ બચાવી શકાય.

૧.૭ આમ, અરજદારશ્રીએ તેમના વર્કશોપ પાસે વીજલાઇન ન નાખવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા – ગામ, માનકુવા – દેશલપર પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ધંધાકીય હેતુ માટેનું વિજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદાર શ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા – ગામ, માનકુવા શ્રી કેશર અર્થ મુવર્સ એન્ડ હાઇડ્રોલીક વર્કસના નામે મશીનરી બનાવવાનું તેમજ રીપેરીંગ કરવાનું કામકાજ કરે છે.

૨.૨ પીજીવીસીએલ દ્વારા ઉભી કરવામાં આવેલ વીજલાઈન અરજદારશ્રી ના વર્કશોપ થી આશરે ૩૦ થી ૩૫ મીટર દૂર છે તથા તે સ્થળ અરજદારશ્રી ની માલિકીનું નથી.

૨.૩ અરજદારશ્રીની અરજીમાં ઉલ્લેખ કરવામાં આવેલ તે ઝાડ ને આખા કાપવાની જરૂર નથી પરંતુ ઝાડની માત્ર નડતરરૂપ ડાળીઓ જ જરૂરીયાત મુજબ કાપવામાં આવશે.

૨.૪ અરજદારશ્રીના વર્કશોપમાં રીપેરીંગ માટે આવતા હીટાચી, ગ્રેડર, ટ્રેલર, ક્રેન જેવા મોટા મોટા મશીનો અંગે જણાવવાનું કે સી.ઈ.એ.(મેસર્સ રીલેટીંગ ટુ સેફ્ટી ઇલેક્ટ્રિક સપ્લાય) રેગ્યુલેશન ૨૦૧૦ના ચેપ્ટર નં-૭ ના વિનિમય નં-૬૦ ના ક્લોઝ નં -૧ મુજબ વીજલાઈન નજીક આવા વાહનો જ્યારે વીજલાઈન નીચે થી પસાર કરવાના હોય ત્યારે યોગ્ય સુપરવિઝન સાથે પસાર કરવાના થાય છે જેથી કોઈ અકસ્માત ન થાય.

૨.૫ અરજદારશ્રીની રજુઆતમાં જણાવ્યા મુજબ સુખપર વીજ લાઈનમાંથી વીજજોડાણ આપવામાં આવે તો ફક્ત બે વીજ પોલ થઈ કામ પૂરું થઇ શકે. પરંતુ તે લાઈન ભુજ ગ્રામ્ય પેટા વિભાગની છે અને ગ્રાહકની સુવિધા તેમજ કંપનીની કામગીરી ધ્યાને રાખીને શક્ય હોય ત્યાં સુધી જે તે વિભાગની વીજલાઈન માંથી જ નવું વીજજોડાણ આપવું જરૂરી છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની લેખિત રજુઆત તેમજ સામાવાળાની લેખિત રજુઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

૩.૧ અરજદારશ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા - ગામ, માનકુવા - દેશલપર પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ વિજજોડાણ ધરાવે છે.

૩.૨ અરજદારશ્રી કેશરા ગોપાલભાઈ દબાસીયા - ગામ, માનકુવા શ્રી કેશર અર્થ મુવર્સ એન્ડ હાઇડ્રોલીક વર્કસ ના નામે મશીનરી બનાવવાનું તેમજ રીપેરીંગ કરવાનું કામકાજ કરે છે.

3.3 અરજદારશ્રીની રજુઆતમાં જણાવ્યા મુજબ તેઓનું વર્કશોપ જ્યાં આવેલ છે તેની બાજુમાં જ પીજીવીસીએલ કચેરી દ્વારા વીજપોલ લગાડવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે પરંતુ, પીજીવીસીએલના અધિકારીઓ જણાવ્યાનુસાર ઉભી કરવામાં આવેલ વીજલાઈન અરજદારશ્રી ના વર્કશોપ થી આશરે 30 થી ૩૫ મીટર દુર છે તથા તે સ્થળ અરજદારશ્રી ની માલિકીનું પણ નથી.

૩.૪ અરજદારશ્રીની રજુઆતમાં જણાવ્યા મુજબ તેઓશ્રી ના વર્કશોપ પાસે જો પીજીવીસીએલ દ્વારા વીજપોલ લગાડવમાં આવે તો વર્કશોપમાં રીપેરીંગ માટે આવતા હીટાચી, ગ્રેડર, ટ્રેલર, ક્રેન જેવા મોટા-મોટા મશીનો લાવવા-લઇ જવા માટે અડચણરૂપ થઈ શકે છે પરંતુ પીજીવીસીએલના અધિકારીઓ જણાવ્યાનુસાર સી.ઈ.એ.(મેસર્સ રીલેટીંગ ટુ સેફ્ટી ઇલેક્ટ્રિક સપ્લાય) રેગુલેશન ૨૦૧૦ના ચેપ્ટર નં-૭ ના વિનિમય નં-૬૦ ના ક્લોઝ નં -૧ મુજબ વીજલાઈન નજીક આવા વાહનો જ્યારે વીજલાઈન નીચે થી પસાર કરવાના હોય ત્યારે યોગ્ય સુપરવિઝન સાથે પસાર કરવાના થાય છે જેથી કોઈ અકસ્માત ન થાય.

૩.૫ અરજદારશ્રીની રજુઆતમાં જણાવ્યા મુજબ સુખપર વીજ લાઈનમાંથી વીજજોડાણ આપવામાં આવે તો ફક્ત બે વીજ પોલ થઈ કામ પૂરું થઇ શકે તેમ છે તેમજ વૃક્ષો ને પણ બચાવી શકાય. પરંતુ

પીજીવીસીએલના અધિકારીઓ જણાવ્યાનુસાર તે લાઈન ભુજ ગ્રામ્ય પેટા વિભાગની છે અને ગ્રાહકની સુવિધા તેમજ કંપનીની કામગીરી દયાને રાખીને શક્ય હોય ત્યાં સુધી જે તે વિભાગની વીજ લાઈન માંથી જ નવું વીજજોડાણ આપવું જરૂરી છે તેમજ ઝાડ ને આખા કાપવાની જરૂર નથી પરંતુ ઝાડની માત્ર નડતરરૂપ ડાળીઓ જ જરૂરીયાત મુજબ કાપવામાં આવશે

૩.૬ પીજીવીસીએલ કચેરીના અધિકારીઓ દ્વારા ફરિયાદીના વર્કશોપ આગળની બાજુએ (સુખપર-માનકુવા ) રોડ પર યોગ્ય અંતર રાખીને તેમજ ૧૧ કે.વી. માનકુવા ફીડર માં નવું કામ કરીને P.SCપોલ ઉપર "T" લગાડીને ૧૧ કે.વી. વાયર યોગ્ય ઉંચાઈએ રાખેલ છે.

૩.૭ આમ, પીજીવીસીએલ કચેરીના અધિકારીઓ દ્વારા થયેલ રજૂઆત અનુસાર અરજદારશ્રીના વર્કશોપ આગળની બાજુએ (સુખપર-માનકુવા ) રોડ પર યોગ્ય અંતર રાખીને તેમજ ૧૧ કે.વી. માનકુવા ફીડર માં નવું કામ કરીને P.SCપોલ ઉપર "T" લગાડીને ૧૧ કે.વી. વાયર યોગ્ય ઉંચાઈએ લગાડી તેમની ફરિયાદનું નિવારણ કરેલ છે.

૩.૮ આમ, અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ દેશલપર પેટાવિભાગીય કચેરીમાં તા.૧૩/૦૭/૨૦૨૦ના રોજ સમાધાનપત્ર (પુરશીશ) આપવામાં આવેલ છે, તથા અરજદારશ્રી દ્વારા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૩.૯ આમ, અરજદારશ્રીની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારશ્રીની અરજી ફેંસલ કરવામાં આવે છે

Joshi Mithan

એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

સી.વી. ઠાકર
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯